ET THE ECONOMIC TIMES ગુજરાતી
Gujarati

https://gujarati.economictimes.com/budget/news/budget-2023-reactions-will-create-huge-opportunities-for-real-estate-boost-chemical-exports-know-what-experts-say/articleshow/97530065.cms

# Budget 2023 Reactions: Real Estate માટે વિશાળ તકોનું સર્જન કરશે, કેમિકલ નિકાસને વેગ મળશે, જાણો નિષ્ણાતો શું કહે છે

Navlakha Bijal | ET Online Updated: 1 Feb 2023, 7:08 pm

બજેટ 2023માં વિવિધ સેક્ટર માટે પ્રોત્સાહક જાહેરાતો દેશના જીડીપી ગ્રોથને વેગવાન બનાવશે. માથાદીઠ આવકમાં વધારો કરવામાં મદદરૂપ બનશે.



**અમદાવાદ**

કેન્દ્રીય બજેટમાં મોટાભાગના વર્ગને આવરી લેવામાં આવ્યા છે. રિયાલ્ટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્પેશિયાલિટી કેમિકલ્સ, શિક્ષણ, એમએસએમઈ સહિતના સેગમેન્ટમાં પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવ્યા છે. ભારતના કેમિકલ ઉદ્યોગે વર્ષ 2022માં જીડીપીમાં 7 ટકાનું યોગદાન આપ્યું છે.

તેને ધ્યાનમાં લેતાં અમને ખુશી છે કે સરકારે કેટલાંક કાચા માલ ડિનેચર ઇથાઇલ આલ્કોહોલ, એસિડ ગ્રેડ ફ્લોર્સપાર અને ક્રૂડ ગ્લિસરિન વગેરેને બેઝિક કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપી છે. તે ભારતીય કેમિકલ કંપનીઓની એકંદર ઉત્પાદન ક્ષમતામાં વધારો કરશે. કાચા માલ સંબંધિત જાહેરાતો ઉત્પાદન વધારશે તથા વૈશ્વિક માર્કેટ્સમાં સ્પેશિયાલિટી કેમિકલ્સની નિકાસને પ્રોત્સાહન આપશે. અન્ય સેક્ટરમાં શું લાભ થશે આવો જાણીએ...

**સરકારની યોજનાઓ Gift Cityના વિકાસને વેગ આપશે**

"Budgetમાં ગિફ્ટ સિટીની મહત્વપૂર્ણ ભૂમિકા ઉપર ભાર મૂકાયો છે.કેન્દ્ર સરકારનો નીતિગત સહયોગ ગિફ્ટ સિટીના ઝડપી વિકાસને બળ આપશે, તે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે વાઇબ્રન્ટ ગ્લોબલ ફાઇનાન્સિયલ હબ બનશે. બજેટમાં જાહેર કરાયેલા દૂરંદેશી પગલાં ગિફ્ટ સિટીમાં આઇએફએસસીમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને વધુ મજબૂત બનાવશે. એક્ઝિમ બેન્કની સબ્સિડિયરીની સ્થાપના એરક્રાફ્ટ અને શિપિંગ ફાઇનાન્સિંગ જેવા ઉભરતાં ક્ષેત્રોને પ્રોત્સાહિત કરશે. ડેટા એમ્બેસીઝની સ્થાપના ડિજિટલ કન્ટિન્યુટી સોલ્યુશન્સની સુવિધા આપશે." **તપન રે, MD- ગ્રૂપ CEO, Gift City**

"કૌશલ્ય, ઉદ્યોગ સાહસિકતા, સ્ટાર્ટ-અપ્સ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ ઉપર ફોકસ અમૃતકાળ માટે સર્વાંગી ગ્રોથ દર્શાવે છે.

પરંપરાગત કારીગરો અને શિલ્પકારો માટે પીએમ વિશ્વકર્મા કૌશલ સન્માન (પીએમ વિકાસ) પેકેજ હેન્ડીક્રાફ્ટ અને હેન્ડલૂમ સેક્ટર્સને બળ આપશે. આ ઉપરાંત એગ્રીકલ્ચર એક્સિલરેટર ફંડની જોગવાઇ ગ્રામીણ ભારતમાં એગ્રીસ્ટાર્ટ-અપ્સ અને ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપશે. એમએસએમઇ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જૂ છે અને મૂડી રોકાણથી આ સેક્ટર ચોક્કસપણે આગળ વધશે." **- ડો. સુનિલ શુક્લા, ડાયરેક્ટર જનરલ, EDII**

"ભારતના માળખાકીય વિકાસને વધુ મજબૂત કરવાનો રોડમેપ રજૂ કરવામાં આવ્યો છે.

માળખાકીય ક્ષેત્રો માટે મૂડી ખર્ચમાં 33 ટકાની વૃદ્ધિ પાણી અને શહેરી વિકાસ જેવાં સેગમેન્ટમાં સામેલ હીતધારકોને પ્રોત્સાહન આપશે. બિલ્ડિંગ અને કન્સ્ટ્રક્શન સામગ્રીઓની માગ સકારાત્મક બનશે. પીએમ આવાસ યોજના માટે રૂ. 79,000 કરોડની ફાળવણી બાંધકામ અને સંલગ્ન ઉદ્યોગોને સપોર્ટ પૂરો પાડશે. પરોક્ષ વેરામાં સુધારો નિકાસ અને ગ્રીન વૃદ્ધિને પ્રોત્સાહન તથા ઘરેલુ ઉત્પાદનને વેગ આપશે''.

**– હિરાનંદ સવલાણી, CFO, Astral Ltd.**

''અરવિંદ સ્માર્ટસ્પેસના MD અને CEO કમલ સિંગલ કહે છે, “યુનિયન બજેટ 2023 એ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી, સ્થાનિક ઉત્પાદન, બિઝનેસ કરવામાં સરળતા અને ગ્રીન ડેવલપમેન્ટ પર મજબૂત ભાર સાથેનું પ્રગતિશીલ બજેટ છે. કર રાહતોની મદદથી નિકાલજોગ આવકનો મોટો હિસ્સો મળશે. વધુમાં, PMAY યોજનાના ખર્ચમાં વધઝારો ઉદ્યોગ માટે સકારાત્મક સૂચક છે. રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ માર્કેટ માટે માળખાકીય માંગ મજબૂત રહે છે.

અમે અપેક્ષા રાખીએ છીએ કે રિયલ એસ્ટેટ પ્રત્યે ગ્રાહકની ભાવના અને આગામી વર્ષમાં વૃદ્ધિ સૂચકાંકો મજબૂત રહેશે.” **– કમલ સિંગલ, MD અને CEO, Arvind Smartspaces**